

# રિવાજોને જીવંત રાખનાર કોલી સમાજનો ઈતિહાસ





સહયોગઃ


**‘ભુજ બોલે છે’**

૭૦-બી, ગેટ નં. ૩, બેન્કર્સ કોલોની,
જ્યુબિલી ગ્રાઉન્ડ, ભુજ-મુન્દ્રા રોડ, ભુજ-કચ્છ.
website : www.bhujbolechhe.org
email : bhujbolechhe@gmail.com
Contact number : 9978219721


“અડ્ધો રોટલો પણ મહેનતનો ખાવો" આ
વાક્યને ચરિતાર્થ કરનારા એક સમુદાયની
મુલાકાત થઇ ! સમાજમાં ખાસ સ્થાન ન
ધરાવનાર એક એવો સમુદાય જે શહેરના છેડે
વસીને, નાની સુની મજુરી કરીને ભુજની "નગર
રચના"માં પોતાનો ફાળો આપી રહી છે. નાનો
પણ ઉચ્ચ સવર્ણ સમાજને પણ શરમાવે એવા
ચુસ્ત રિત રિવાજોને સાચવી રાખનાર કોલી
સમાજની એક મુલાકાત જ તેમના આજ પર્યંતના
જીવનની ઝાંખી કરાવવા પર્યાપ્ત છે.



## પ્રથમ પરિચય

રોજી-રોટી માટે છેક વાગડ કે માંડવીથી દરરોજ સાઇકલથી આવ-જા કરી, ભુજમાં બારદાન એટલે કે કોથળા સીવવાનું કામ કરતા આ કોલી સમાજના લોકોએ આજે પણ તેમનો આ વ્યવસાય ટકાવી રાખ્યો છે. એક દિવસના રોજનું મહેનતાણું મળે માત્ર રોકડા રુપિયા ત્રણ ! તેમ છતાં આ સમુદાયના યુવાનો તેમના પરિવારને પોષવા માટે છેક ભુજ સુધી આવતા. પણ રોજની આ અવર-જવર થકવી દેનારી બનતી ચાલી અને એ કારણભુત બન્યું આ સમુદાયના ભુજમાં આવવાનું ! દરરોજ ૭ થી ૮ અલગ અલગ પરિવારના ભાઇઓ જે સાઇકલથી ભુજ આવતા તેઓ સ્થળાંતર કરીને ભુજ આવ્યા અને તેમાંથી માત્ર ૫ ભાઇઓના પરિવાર ભુજમાં સ્થાઇ થયા.

કોલી સમાજમાં માતાજીના "ભોપા"નું માનવંતુ સ્થાન પામનારા લખધીરભાઇએ આ "સ્થળાંતર" પાછળનું કારણ જણાવતાં સાથે સમાજના વડિલો પોતીકિ જમીન ધરાવતા હોવાનું કહ્યું પણ કચ્છ અને વરસાદને ક્યાં સારા સબંધ છે ?! પાક વિહોણી જમીનો ધીરે ધીરે કાં તો વેંચી નાખી અને કાં તો બીજાને ભાગીદારીમાં આપવી પડી. અને અંતે એક સમયે પોતાની જમીનના માલિકો નાછૂટકે મજુરી તરફ વળ્યા. માત્ર મજુરી જ શા માટે તેનો ઉત્તર પણ આ વડિલે નિખાલસતાથી કબુલી સમાજમાં ભણતર ના બરાબર હોવાનું જણાવ્યું.

## આજીવિકા

કોથળા સીવવાનો મજુરી સાથેનો સબંધ ધીરે ધીરે બદલાયો અને કોલી લોકોએ આ વ્યવસાયને માલિકીનો બનાવી લીધો. અલબત્ત હજી કેટલાક "નબળા" લોકો મજુરીમાં જ જોડાયેલા છે. અને હા, પેલાં જે રોજનું મહેનતાણું ત્રણ રુપિયા હતું એ હવે ત્રણ સો સુધી પહોંચ્યું છે. અલબત્ત મોંઘવારીની સરખામણીમાં પહેલાં જેટલું જ ગણાય ! વ્યવસાયના ધોરણે ભુજ આવ્યા પહેલેથી લોહાણા સમાજ સાથેના સબંધો આ સમુદાયે આજે પણ જાળવી રાખ્યા છે. અને સમાન રીતે લોહાણા અને વાણીયા સમાજ તરફથી પણ તેમને માન આપવામાં આવે છે.



## સામાજિક વ્યવસ્થા

કોલી સમાજ તરીકે ઓળખાતા આ સમાજમાં "ઠાકેડા", "પારકરા"અને "કચ્છી મેટા" આ મુખ્ય ત્રણ નુખ છે તેમજ કેટલીક પેટા અટકો છે. ભુજમાં વસ્યા પહેલાં જ્યારે આ સમુદાય વાગડ કે માંડવી હતા ત્યારે તેમના સમાજની નાત એટલે કે પાટોત્સવ થતો પણ જ્યારથી તેઓ રોજગારી અર્થે સ્થળાંતરીત થયા ત્યારથી તેમના સામાજિક સબંધો પર અસર જોવા મળી છે. ભુજમાં આશાપુરાનગર, પાંજરાપોળ, રામનગરી, ગણેશનગર, કુલપાટીયા સહિતના વિસ્તારોમાં આ સમાજના લોકોનો વસવાટ છે. ભુજમાં જ વસતા હોવા છતાં આખો સમાજ એકઠો થઇ શકતો નથી. લગ્ન કે પારીવારિક પ્રસંગે જ કેટલાક વિસ્તારના લોકો ભેગા થાય છે. ખાસ કરીને નવરાત્રિની આઠમે સમાજના લોકો મોટી સંખ્યામાં એકઠા થાય છે. પણ અમુક પરિવારોના સબંધીઓ પાકિસ્તાનના કરાંચીમાં હજુ પણ છે અને કચ્છથી તેમની સાથે પત્રવ્યવહાર ચાલે છે!

## વેશભુષા

રહેણી કરણી અને વેશભુષાની બાબતે આ સમાજ સાદો છે પણ રિવાજો કંઇક અનોખા જ છે. લગ્ન સમયે દીકરાવાળા પક્ષે દીકરી પક્ષને ઘરેણા કરવાં પડે છે અને રોકડ રકમ પણ આપવાની હોય છે ! અરે હા, ઘરમા આવક જે થતી હોય એ પણ સોના-ચાંદીના ઘરેણા માટે આ સમાજ બચત કરી લે છે ! રામરામી, કડલા કાંબી, ચુડલા, વાડલો સહિતના દાગીનાઓ પા કિલો થી એક કિલો વજનના હોય છે. પહેરવેશની વાત કરીએ તો આજની ૪ મહિલાઓના કપડાં તૈયાર થઇ જાય એવાં સાત-સાત મીટરના ઘાઘરા, કાપડો અને કાળા રંગનો ઓઢણો આ સમાજની સ્ત્રીઓ પહેરતી. એવી જ રીતે પુરુષો પણ નીચે થી કસોકસ અને ઉપરથી ખુબ જ મોટી ઘેરવાળી "ચાપણી" અને જભો-કોટી જેવાં પહેરણ પહેરતા. આ ઉપરાંત આ સમાજની મહિલાઓ હાથ પર વિવિધ પ્રકારની આકૃતિઓ ત્રોફાવે છે જેને તેઓ "ત્રાજવા" કહે છે. જ્યારે આ પરિવારો વાગડમાં વસતા ત્યારે તેઓ પોતાના હાથે સોઇ થી પોતાના હાથ પર આવા ત્રાજવાની આકૃતિઓ બનાવતા. આજે પણ કેટલીલ મહિલાઓના હાથ પર આવાં ત્રાજવા કે છુંદણા જોઇ શકાય છે.







## સંસ્કૃતિ

રિવાજોની વાત છે તો એમનો એક અનોખો રિવાજ એવો છે કે જ્યારે કોઇ પુરુષની પત્ની અવસાન પામે ત્યારે જો તે પુરુષને બીજા લગ્ન કરવા હોય તો તે પત્નીની સ્મશાનયાત્રામાં ન જાય અને જો જાય તો સમાજમાં માની લેવામાં આવે કે એ વ્યક્તિ બીજા લગ્ન કરવા ઇચ્છુક નથી ! જ્યારે કોઇ સ્ત્રી વિધવા થાય તો એ ક્યારેય બીજા ફેરા ન લઇ શકે પણ સમાજ તેને કોઇ વિધુર સાથે સંસાર માંડી આપી સામાજિક જવાબદારી નિભાવે છે. તેમના સમાજની એક અન્ય ખાસિયત એ રહી છે કે કોલી સમાજમાં આજ સુધી કોઇ પણ વ્યક્તિએ પર નાતમાં લગ્ન કરેલ નથી. તેમજ નવ નાતરાં એટ્લે કે નવ સબંધ જોયા પછી જ સમાજમાં લગ્ન થાય ! કોઇ કિસ્સામાં જો કોઇ પર નાતમાં લગ્ન કરે તો તે નાતબાર કરી દેવામાં આવે !





## સંગીત

માતાજીના આરાધક એવા આ સમાજનાં સંગીતમાં પણ માતાજીની આરાધના, સ્તુતી, પ્રાચીન ગરબા અને ભાવગીતનો સમાવેશ થાય છે. ભુજના આશાપુરાનગરમાં એક પરિવારના ચાર ભાઇઓએ સંગીતને જીવંત રાખવાની જવાબદારી ઉઠાવી હતી જેમાંથી એક જ ભાઇ દિલીપભાઇ ભુરાભાઇ કાસવીયા આજે પણ ગાયન વાદન સાથે સંકળાયેલા છે. તેમના સંગીતના વાજિંત્રોમાં ખાસ કરીને માતાજીની આરાધના માટે "ડાક" વગાડવામાં આવે છે તેમજ અન્ય વાજિંત્રોમાં મોટો ઢોલ, રામસાગર(એક તારો), મંજીરા, ઢોલક અને ઝાંઝ પખાજ હોય છે.

## શિક્ષણ

શિક્ષણની દ્રષ્ટીએ જોઇએ તો તેમના કહેવા મુજબ આ સમાજમાં ભણતર નહિંવત રહ્યું છે. અહિં એક વાત ઉમેરીએ કે કેટલાક વર્ષો પહેલાં આ સમાજ બક્ષીપંચમાં હતો અને તેના લાભ મેળવતો. તે સમયમાં માત્ર ૮ ચોપડી પાસ પણ સરકારી નોકરી મેળવી લેતા હતા પણ અમુક કારણોસર આ સમાજને બક્ષીપંચમાંથી બાકાત કરવામાં આવતાં હવે તેમના સમાજમાં ૧૦ ધોરણ પાસ યુવાન પણ બેરોજગારીનો સામનો કરી અંતે મજુરી કરવાનું અપનાવી લે છે !





There is a Guajarati saying which translates to: “Even if it is only half a bread, I will earn it to have it”. I had the good fortune to meet a community which aptly represent this very thought! A community that occupies the fringe position not only in the society ladders, but also in its living quarters in the city. A community that does smallest of labour jobs, however, has become a major part in the “urban development” of the city of Bhuj. Even a single meet with this small community provides enough insight into their vigilance towards the upkeep of its customs and traditions, which can put to shame the so called contemporary urban civilisations.

# The First Introduction

To earn their wages, the Koli people used to commute all the way from as far as Waagad and Mandvi to Bhuj on a daily basis to work on 'Bardaan', i.e. to stitch sacks that too for a simple daily wage of Rs 3 and they have maintained this occupation till date. Neither the harsh weather conditions, nor the distance stopped the youth of the community to come to Bhuj and earn a living for themselves and their families. However, over the years, the daily travel became a tougher and time consuming affair, leading them to consider the option of migrating to Bhuj. Of the 7-8 individuals who used to travel to Bhuj for their daily jobs, all of them shifted to Bhuj and five of them settled with the families.

Lakhdhirbhai *'Bhopa'*, who is considered the mediator of the local deity within the community, has a slightly different version for the reason of shifting to Bhuj. According to him, the ancestors of the community were landlords in their own rights, however, theworsening conditions of the rainfall situation in Kutch and the subsequent famine led either to the division, sharing or selling of the land property. In the end, the once landlords were forced to consider other options for survival and turned towards manual labour. The seniors of the community accept that the community was forced to move towards manual labour owing to the fact the education within the community was close to nill.

# Occupation

Gradually from being labours and hired help who would stitch the sacks, the Koli's started growing and graduated to being owners of their own businesses.There still are several people who are still stuck with the labour jobs and although their wages have gone up from Rs 3 to Rs 300, however considering the inflation it has done nothing to improve their standard of living. The Koli community has always kept up good business relationship with the 'Luhana' community in Bhuj, and the same respect has been seen reverted to them by the Luhanas and Vaniyas, which are the leading business communities in the city.



# Social Hierarchy and organisation

The Koli Samaj or community is mainly divided into 3 main castes – Thakeda, Parkara and Kutchi meta which are then further divided into various sub castes. Before their migration to Bhuj, the large Koli community in Waagad and Mandvi met annually and for various occasions, however, the migration has effected the community gatherings to some extent. In Bhuj, the major residential congregations for the Koli people are in the areas of Ashapuranagar, Panjrapol, Ramnagri, Ganeshnagar and Fulpatiya. Even within the city of Bhuj, the community is unable to come together for large social gatherings (Naat), except for weddings and other family occasions. One of the biggest gatherings of the Koli Samaj is seen on the 8th day of Navratri. The partition of India in 1947 led to several of their relations living across the border in Karachi, Pakistan with whom they have kept up connections through mail.

# Lifestyle and Dressing

The dressing and lifestyle of the Koli community is very simple but they reflect customs very unique to their tribe. During weddings, the groom's side is often expected to give gifts in terms of jewellery and cash to the bride's family. Another interesting thing is that whatever be the income in the household, a considerable amount of the savings is invested in Gold and Silver ornaments. They have been known to wear traditional ornaments like Raamrami, Kadla-Kaambi, ChudlaWadlo etc. which can weigh anywhere between 250 gm to 1 kg. The women of the community wear long skirts of 7 metres, a blouse and a black chunni (Odhno), the men of the Koli folk often wear a 'chapni' which is a kind of narrow bottom trouser with suddenly flares around the top accompanied with a specific type of Kurta and coat.

The women in the community often tattoo on their hands with specific symbols and signs which are called 'Trajva'. During their days of settlement in Waagad, they were known to imprint these symbols by themselves and this tradition of tattoing still continues to this day.







# Tradition

The customs and traditions of the Koli folk are very peculiar to their community. If a person's wife passes away and the person wishes to remarry, he is not permitted to attend the final rights of his deceased wife. His attending the funeral is an indication to the community that he is unwilling to marry again. In case of a widow, she is never allowed to remarry; however, she can live with another widower of the community as his responsibility. The people of the Koli community marry within their community and have never married outside the Koli and any relationship of the sort with outsiders of the community leads to them being outcasts in their society. Another interesting custom of the Koli's is that they will get married only after they have seen nine proposals (nav -natra)





# Music

The Koli's are followers of the Goddess and thus, the music and folk songs are a compilation of hymns, prayers, invocations and worship of the deity. In Bhuj, a family of four brothers of the community who stay in Ashapuranagar, took up the responsibility of keeping the folk music of the community alive. Even today, Dilipbhai Bhurabhai Kasvia is involved with the Koli folk music. Apart from the Drums, *Ektara*, *Cymbals*, *Dholaka*, *Jhanjha* and *Pakhavaja*, a special huge mebrophane instrument called the *'Daak'* is also used during the deity worships

# Education

In the sector of education, as has been mentioned by the community people itself, the literacy rate is next to nil. The Koli community was earlier a part of the OBC and could merit on those provisions. At the time, even an eighth grade pass person was able to avail a government job. Owing to certain reasons, the Koli community was excluded from the OBC status. This has led to several people having to resort to manual labour or face unemployment even if they have cleared their 10th grades.

